ક્રિમીનલ કેસ નં.૨૦૫/૨૦૧૭
આંક :–

**–:નમુનો–અ:–**

सत्यमेव जयते

## જુનાગઢના મહે.બીજા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં

**ચુકાદાની તા.૧૦/૦૪/૨૦૨૬**

**ફોજદારી કેસ નં.૨૦૫/૨૦૧૭**

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ઈ.પી.કો. કલમ–૩૨૫,૩૨૪,૩૨૩,૫૦૪,૪૦૩,૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | ફર્સ્ટ ૮૫/૨૦૧૬ |
| પોલીસ સ્ટેશન | તાલુકા પોલીસ સ્ટેશન, જુનાગઢ |
| ફરીયાદીપક્ષ | શ્રી સરકાર |
| ફરીયાદ પક્ષ તર્ફે વિ.વ.શ્રી: | વિ.એ.પી.પી.શ્રી આઈ.એ. સમા |
| આરોપી પક્ષ | (૧) મુન્નાભાઈ જીણાભાઈ ગુજરાતી,<br>(૨) મનોજ ઉર્ફે મુન્નાભાઈ વિક્રમભાઈ ચંદાવડીયા,<br>(૩) અતુલ મનુભાઈ ખલેલ,<br>(૪) લાલજી દામજીભાઈ સરવૈયા,<br>(૫) યોગેશ દામજીભાઈ સરવૈયા,<br>(૬) જયેશ ઉર્ફે પપ્પુ મનસુખભાઈ સરવૈયા,<br>(૭) મહેશ ધીરુભાઈ સરવૈયા,(ગુજરી જતાં એબેટ),<br>નં.–૧,૩ થી ૭ રહે.વિજાપુર, તા.જુનાગઢ<br>નં.–૨ રહે.ઘુડવદર, તા.જુનાગઢ |
| આરોપી તર્ફે વિ.વ.શ્રી: | વિ.વ.શ્રી વાય.એમ. ઠાકોર. |

**–:નમુનો–બ:–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૪/૦૯/૨૦૧૬ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૪/૦૯/૨૦૧૬ |
| ચાર્જશીટની તારીખ | ૨૩/૦૧/૨૦૧૭ |

| | |
|---|---|
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૨૩/૦૬/૨૦૧૭ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૩/૦૪/૨૦૧૮ |
| ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ | ૨૪/૧૨/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | |

## –:આરોપીની વિગત:–

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ /દોષ | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મુન્નાભાઈ જીણાભાઈ ગુજરાતી, | ૧૭/૯/૧૬ | ૧૭/૯/૧૬ | ઈ.પી.કો.કલમ–૩૨૫,૩૨૪,૩૨૩, ૫૦૪,૪૦૩,૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ | નિર્દોષ | -- | -- |
| ૨ | મનોજ ઉર્ફે મુન્નાભાઈ વિક્રમભાઈ ચંદ્રાવડીયા, | '' | '' | '' | '' | | |
| ૩ | અતુલ મનુભાઈ ખલેલ, | ૨૧/૯/૧૬ | ૨૧/૯/૧૬ | '' | '' | | |
| ૪ | લાલજી દામજીભાઈ સરવૈયા, | '' | '' | '' | '' | | |
| ૫ | યોગેશ દામજીભાઈ સરવૈયા, | '' | '' | '' | '' | | |
| ૬ | જયેશ ઉર્ફે પપ્પુ મનસુખભાઈ સરવૈયા, | '' | '' | '' | '' | | |
| ૭ | મહેશ ધીરુભાઈ સરવૈયા, | '' | '' | '' | એબેટ | | |

**-:નમુનો-ક:-**

## :: સાહેદો નુ લીસ્ટ::

### અ.ફરીયાદ પક્ષ તર્ફે સાહેદો:

| ક્રમ | આંક | નામ |
|---|---|---|
| પી.૧ | ૨૯ | ફરીયાદી રમેશભાઈ કડવાભાઈની જુબાની |
| પી.૨ | ૪૧ | સાહેદ દુર્ગાબેન રાજેશભાઈ મકવાણાની જુબાની |
| પી.૩ | ૪૨ | સાહેદ વિજયભાઈ હરસુખભાઈ મકવાણાની જુબાની |
| પી.૪ | ૪૮ | સાહેદ અજયભાઈ હરસુખભાઈ મકવાણાની જુબાની |
| પી.૫ | ૫૧ | સાહેદ મુનેશ તળસીભાઈ બાવળીયાની જુબાની |
| પી.૬ | ૫૨ | સાહેદ હરીભાઈ રામજીભાઈની જુબાની |
| પી.૭ | ૫૩ | સાહેદ ડો.અજયભાઈ જયંતિભાઈ પરમારની જુબાની |
| પી.૮ | ૬૪ | પંચસાહેદ કાસમભાઈ સીદીભાઈ સમાની જુબાની |
| પી.૯ | ૬૬ | પંચસાહેદ ઉકાભાઈ ભનુભાઈ ભાભેરાની જુબાની. |
| પી.૧૦ | ૭૯ | પંચસાહેદ મનિષભાઈ ઠાકરશીભાઈ સખીયાની જુબાની. |
| પી.૧૧ | ૯૩ | પંચસાહેદ રામજીભાઈ નગાભાઈ વાઢીયાની જુબાની. |
| પી.૧૨ | ૧૦૨ | સાહેદ રાજેશભાઈ ચનાભાઈ મકવાણાની જુબાની. |
| પી.૧૩ | ૧૦૭ | ત.ક.અ.શ્રી નાનજીભાઈ આણંદભાઈ ચાવડાની જુબાની. |

## :: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ::

### અ.ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ડી.૧ | ૩૦ | ફરીયાદ. |
| ડી.૨ | ૫૪ થી ૫૭ | ઈજાનાં પ્રમાણપત્ર |
| ડી.૩ | ૬૫,૮૦ | અટક તથા મુદ્દામાલ કબજે કર્યાનાં પંચનામા |
| ડી.૪ | ૬૭ | બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| ડી.૫ | ૧૦૮ | તપાસનો હુકમ |
| ડી.૬ | ૧૦૯ | ડી.ઓ. લેટર. |
| ડી.૭ | ૧૧૦ | હથિયારબંધીનું જાહેરનામુ. |

**–:: ચુકાદો ::–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓએ તા.૧૪–૯–૨૦૧૬ નાં કલાક ૨૨–૦૦ થી ૨૨–૩૦ દરમિયાન વિજાપુર ગામનાં પાટીયા પાસે મામાદેવનાં મંદિર પાસે આવેલ ખુલ્લી જગ્યામાં ડુંગરપુર ગામના સારુલ અને સુમીતા બેનભાઈ ઝઘડતા હોય તેમને ફરીયાદી તથા સાહેદ નં.–૯ નાએ છોડાવેલ હોય તે વાતનું મનદુ:ખ રાખી, આરોપી નં. –૧,૨ તથા ૬ નાએ આ કામનાં ફરીયાદી તથા સાહેદ નં.–૯ ને ભુંડી ગાળો કાઢી, ઢીકાપાટુનો તથા આરોપી નં.–૧ નાએ લોખંડનાં પાઈપ તથા આરોપી નં.–૨ નાએ લાકડી વડે ફરીયાદી ને માર મારી તથા આોપી નં.–૬ નાએ છરી વડે સાહેદ નં.–૯ ને ઈજા કરી, તમજ બાદ આરોપી નં.–૩,૪,૫ અને ૭ નાઓ આવી અગાઉ થયેલ ઝઘડાનું મનદુ:ખ રાખી, આરોપી નં.–૭ નાએ સાહેદ નં.–૮ ને લોખંડનાં પાઈપનો એક ઘા ડાબા હાથમાં મારી ફ્રેકચર કરી, તેમજ આરોપી નં.–૪ નાએ સાહેદ નં.–૧૦ ને લાકડી વતી મુઢ ઈજા કરી તથા આોપી નં.–૩ અને ૪ નાએ સાહેદ નં.–૧૧ ને ઢીકાપાટુનો મુઢ માર મારી, જપાજપીમાં સાહેદ નં.–૧૦ નો ચેઈન ગુમ કરી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, મહે.અધિક જીલ્લા મેજી.શ્રીનાં હથિયારબંધી નાં જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ.

(૨) સદરહુ ગુન્હાની ફરીયાદ ફરીયાદીએ જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં જાહેર કરતા, તે નોંધી જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૫,૩૨૪,૩૨૩, ૫૦૪,૪૦૩,૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો દાખલ થયેલ અને તપાસ કરનાર અમલદારે તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, તપાસના અંતે આરોપીઓ વિરૂઘ્ધ ઉપરોકત ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૩) આ કામના આરોપીઓને ધોરણસર સમન્સ બજી જતા, તે અન્વયે તેઓ અત્રેની અદાલતમાં ઉપસ્થિત થતા, તેઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવેલી. ત્યારબાદ મારા પૂરોગામી ન્યાયાધીશશ્રીએ આરોપી ઓ સામે ઉકત ગુના સંબધે આંક–૦૯ થી તહોમતનામું ફરમાવી તેઓની આંક–૧૦ થી ૧૬

સુધી પ્લી લેતાં આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરતાં સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષે નમુના 'ક' મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(૫) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધતા તેઓએ પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૬) ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી આઈ.એ. સમા અને આરોપી તરફે વિ.વકીલશ્રી વાય.એમ. ઠાકોરની મૌખિક દલીલો સાંભળી.

(૭) હાલના કેસના ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદૃા ઉપસ્થિત થાય છે.

**:: મુદૃા ::**

(૧) શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર રીતે સાબિત કરે છે કે,આ કામના આરોપીઓએ તા.૧૪–૯–૨૦૧૬ નાં કલાક ૨૨–૦૦ થી ૨૨–૩૦ દરમિયાન વિજાપુર ગામનાં પાટીયા પાસે મામાદેવનાં મંદિર પાસે આવેલ ખુલ્લી જગ્યામાં ડુંગરપુર ગામના સારુલ અને સુમીતા બેનભાઈ ઝઘડતા હોય તેમને ફરીયાદી તથા સાહેદ નં.–૯ નાએ છોડાવેલ હોય તે વાતનું મનદુ:ખ રાખી, આરોપી નં. –૧,૨ તથા ૬ નાએ આ કામનાં ફરીયાદી તથા સાહેદ નં.–૯ ને ભુંડી ગાળો કાઢી, ઢીકાપાટુનો તથા આરોપી નં.–૧ નાએ લોખંડનાં પાઈપ તથા આરોપી નં.–૨ નાએ લાકડી વડે ફરીયાદી ને માર મારી તથા આોપી નં.–૬ નાએ છરી વડે સાહેદ નં.–૯ ને ઈજા કરી, તમજ બાદ આરોપી નં.–૩,૪,૫ અને ૭ નાઓ આવી અગાઉ થયેલ ઝઘડાનું મનદુ:ખ રાખી, આરોપી નં.–૭ નાએ સાહેદ નં.–૮ ને લોખંડનાં પાઈપનો એક ઘા ડાબા હાથમાં મારી ફ્રેકચર કરી, તેમજ આરોપી નં.–૪ નાએ સાહેદ નં.–૧૦ ને લાકડી વતી મુઢ ઈજા કરી તથા આોપી નં.–૩ અને ૪ નાએ સાહેદ નં.–૧૧ ને ઢીકાપાટુનો મુઢ માર મારી, જપાજપીમાં સાહેદ નં.–૧૦ નો ચેઈન ગુમ કરી, ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી, મહે.અધિક જીલ્લા મેજી.શ્રીનાં હથિયારબંધીનાં જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ

સંહિતાની કલમ–૩૨૫,૩૨૪,૩૨૩, ૫૦૪,૪૦૩,૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે.

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>–: નિર્ણય માટેના કારણો :–</u>**

(૯) **<u>મુદ્દા નંબર:–૧ :–</u>**

(૯.૧) ફરીયાદપક્ષે આંક–૨૯ થી ફરીયાદી રમેશભાઈ કડવાભાઈને સોગંદ પર તપાસેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ બે વર્ષ પહેલા જુનાગઢ બીલખા રોડ પર વીજાપુર ગામના પાટીયા પાસે રાતના દસેક વાગ્યાની આસપાસ બનેલો. તે સમયે તેઓ માતાજીનો માંડવો જોવા ગયેલા ત્યાં રાહુલ તેની બહેનને છરી મારીને ભાગી ગયેલ અને તેમના ભત્રીજા વિજયને મુનાભાઈ તથા યોગાભાઈ પપુભાઈ અને લાદેન ઢીકાપાટુથી માર મારવા લાગેલ. આ દરમિયાન તેઓ પણ ત્યાં ગયેલા તો આ લોકો તેમના પર પાઈપ તથા તલવાર વડે હુમલો કરેલ તેમાં યોગલા પાસે તલવાર હતી અને મુનાના હાથમાં પાઈપ હતો અને બાકીનાં હાથમાં ધોકા હતા અને તેના વડે તેમને આ લોકોએ આખા શરીરે માર મારેલો. તેમને ઈજા થયેલ હોવાથી તેમના ગામના હરી રામજી, મુન્ના તડસી ૧૦૮ માં સરકારી દવાખાને સારવારમાં લઈ ગયેલા. તેઓ દવાખાને સારવાર માટે રવાના થયા અને પાછળથી તેમના ઘરના સભ્યો પણ દવાખાને જતા હતા તેમના ઉપર પણ તમામ આરોપીઓએ તલવાર તથા પાઈપ અને ધોકા વડે હુમલો કરેલો. જેમાં તેમના ભાભી દુર્ગાબેનને હાથ પર ધોકા વડે ઈજા કરેલ અને કંચનભાભીને પણ હાથમાં ઈજા થયેલી. તેમણે સરકારી દવાખાને ચાર પાંચ દિવસ સારવાર લીધેલી.આ બનાવ અંગેની તેમણે ફરીયાદ દવાખાને પોલીસને આપેલી. આ ફરીયાદ તેમણે જ પોલીસને લખાવેલી. તેમને ફરીયાદ બતાવતાં તેમાં તેમની સહી ઓળખી બતાવી ફરીયાદ આ કામે આંક–૩૦ થી રજુ કરેલ છે.

સદર ફરીયાદી બચાવ પક્ષની ઉલટતપાસમાં જણાવે છે કે, તેઓ બનાવ સ્થળે માતાજીના માંડવે એકલો જ ગયેલ હતો તેમની સાથે બીજું કોઈ ન હતું. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરે છે કે,તેમનો ભત્રીજો અને રાહુલ બંને બનાવ સ્થળે પહેલેથી જ હતા. તેઓ બનાવ સ્થળે માતાજીનાં માંડવે રાત્રે નવેક વાગ્યે પહોંચી ગયેલ. રાહુલે તેમની બહેનને છરી મારેલ હતી કે કેમ તેની તેમને ખબર નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ત્યારે તેઓ ત્યાં હાજર ન હતા.રાહુલ અને તેમનો ભત્રીજો જયાં બેઠા હતા હતા ત્યાંથી તેઓ જયાં બેઠા હતા તે જગ્યાએથી એ બંને જોઈ ન શકાય એટલા દૂર બેઠેલા હતા. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, તેમનો ભત્રીજો બનાવ બન્યો ત્યાં ઉભો હતો. બનાવ પહેલા આ આરોપીઓ અને તેઓ એક જ જ્ઞાતિના હોય ઓળખે છે. બનાવ વખતે ભાગાભાગી થવાથી ઘણા લોકો ભાગી ગયેલા. તેમને આરોપીઓએ તલવાર અને પાઈપ વડે આખા શરીરે માર મારેલ હોવાની હકીકત તેમની ફરીયાદમાં લખાવેલ નથી. તેઓ હોસ્પીટલે ગયા બાદ પછીનો જે બનાવ જણાવે છે તે તેમણે નજરે જોયેલ નથી.તેમના ભાભી અનેકંચનભાભી ને કયા આરોપીએ શેનો માર મારેલ તે બનાવ સમયે તેઓ હાજર ન હોય કહી શકે નહીં. તેમને અને આરોપીને લગ્ન બાબતે કોઈ માથાકૂટ ન હતી.

(૯.૨) ફરીયાદ પક્ષે આંક–૪૧ થી સાહેદ દુર્ગાબેન રાજેશભાઈ મકવાણાને સોગંદ પર તપાસેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આશરે ત્રણ વર્ષ પહેલા વીજાપુરનાં પાટીયા પાસે રાત્રિનાં ૧૦–૦૦ વાગ્યાનાં અરસામાં બનેલો. તે સમયે તેમને ફોન આવેલ કે, તેમના દિયરને આરોપીઓએ માર મારેલ છે અને તેને દવાખાને લઈ ગયેલ છે જેથી તેણી ઘરેથી દવાખાના જવા નીકળેલ ત્યારે તેણી વીજાપુરનાં પાટીયા પાસે મામાદેવનો માંડવો હતો ત્યાં પહોંચી ત્યારે તમો આરોપીઓ મુન્નાભાઈ, યોગેશભાઈ, લાદેનભાઈ તથા ગઢવીભાઈ તે રીતના ૪ થી ૫ જણાએ તેમના પર અચાનક હુમલો કરેલ. તેમને યોગેશભાઈએ પાઈપ વડે મારેલ જેથી તેમને ડાબા હાથમાં ઈજા થયેલી. બનાવ સમયે તેમના પતિ તેમની સાથે હતા તેણે ૧૦૮ ને ફોન કરી બોલાવેલ અને તેમને સરકારી દવાખાને લઈ ગયેલ. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, આરોપીઓ

જયારે તેમને માર મારતા હતા ત્યારે ગામના સરપંચ તથા વાઘાભાઈ તેઓને છોડાવવા આવેલા. તે સમયે લાલાભાઈનાં હાથમાં લાકડી, મુન્નાભાઈનાં હાથમાં લોખંડનો પાઈપ અને યોગેશભાઈનાં હાથમાં છરી હતી. બનાવની હકીકત એવી છે કે, આરોપીઓએ તેમના દિયર તથા તેમના ભત્રીજા સાથે માથાકૂટ અને મારામારી થયેલ હતી તેથી તેણી તેઓને દવાખાને જોવા જતી હતી ત્યારે આરોપીઓએ તેમના પર ખાર રાખી હુમલો કરેલ. તેમના ગામના કોળી જ્ઞાતિનાં બહેન ભાઈ વચ્ચે ઝઘડો ચાલતો હતો તેઓને છોડાવવા માટે તેમના દિયર આડા પડયા હતા. જેથી તેનો ખાર રાખીને આરોપીઓએ તેમના પર હુમલો કરેલ. બનાવ બાબતે પોલીસે તેમનું નિવેદન લીધેલ. આરોપીઓને જોયે ઓળખતા હોવાનું જણાવે છે.

સદર સાહેદ બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, રાત્રિનાં મંડપ હતો અને ત્યાં બીજા ખૂબ જ માણસો ભેગા થયેલા હતા. વધુમાં જણાવે છે કે, રાહુલભાઈ અને રમેશભાઈએ માંડવામાં રાહુલભાઈની બહેનને છરી મારેલી હોય તેવું તેમણે જોયેલ નહીં. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવ સમયે તેણી તેમના ઘરે હતી. તેમના દિયર રમેશભાઈની સામે છરી મારવા બાબતે પોલીસ કેસ થયેલાની તેમને ખબર છે. યોગેશભાઈ, મુન્નાભાઈ વિગેરે તેમની જ્ઞાતિના છે અને વીજાપુર–ડુંગરપુરનાં હોય તેઓને બનાવ પહેલાથી ઓળખે છે. આરોપી મુન્નાએ તેમના ફઈજીના દીયરનો દીકરો થતો હોય તેણે પ્રેમલગ્ન કરેલ છે અને તેની ઘરવાળીને જોયે ઓળખે છે નામ ખબર નથી.

(૯.૩) ફરીયાદ પક્ષે આંક–૪ર થી સાહેદ વિજયભાઈ હરસુખભાઈ મકવાણાને સોગંદ પર તપાસેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આશરે ત્રણ વર્ષ પહેલા વીજાપુરનાં પાટીયા પાસે રાત્રિનાં ૧૦–૦૦ વાગ્યાનાં અરસામાં બનેલો. તે સમયે તેઓ શારુલ સાથે મામાસાહેબનો માંડવો જોવા ગયેલા ત્યારે સુમીતાબેન સારુલને ગાળો દેવા લાગેલ. જેથી શારુલ ઉશ્કેરાઈ ગયેલ અને તેણે છરી વડે સુનીતાબેન પર હુમલો કરેલ.જેથી તેઓ આ બંનેને છોડાવવા વચ્ચે પડેલ ત્યારે યોગેશભાઈએ તેમના પર છરી વડે હુમલો કરેલ અને મુન્નાભાઈ એ લોખંડનાં પાઈપ વડે હુમલો કરેલ તથા પપ્પુ સરવૈયાએ તેમના પર લાકડી

વડે હુમલો કરેલ. આ સમયે તેમના કાકા પણ છોડાવવામાં સાથે હતા તેમના ઉપર પણ આ ત્રણેય આરોપીઓએ હુમલો કરેલ તે દરમિયાન ત્રણ અજાણ્યા ઈસમો ત્યાં આવી ગયેલ અને તેઓએ પણ તેમના પર હુમલો કરેલ. તેમના પર છરી વડે હુમલો થતાં જમણા હાથમાં હથેળીમાં તેમને છરી વાગી ગયેલ અને મુઢ માર મારેલો. હુમલા બાદ તેમને તેમના કાકા કાકી દવાખાને લઈ જતાં હતા તે દરમિયાન આરોપીઓએ તેમના કાકી ઉપર ફરીવાર હુમલો કરેલો. જેમાં યોગેશભાઈનાં હાથમાં લોખંડનો પાઈપ હતો તે તેમના કાકીને હાથ પર કોણીનાં ભાગે મારેલો તથા લાદેનભાઈએ લાકડી તથા લોખંડના પાઈપ વડે તેમના કાકી ઉપર હુમલો કરેલો. ત્યારબાદ તેમના કાકાએ ૧૦૮ બોલાવેલ અને સરકારી દવાખાને લઈ ગયેલ. જયાં પોલીસે તેમનું નિવેદન લીધેલ. આરોપીઓને જોયે ઓળખતા હોવાનું જણાવે છે.

સદર સાહેદ બચાવપક્ષની ઉલટતપાસમાં જણાવે છે કે, રાહુલભાઈ એ જ શારુલભાઈ છે. રાહુલભાઈએ તેમની બહેનને મંડપમાં છરી મારેલી હતી ત્યારે તેઓ ત્યાં હાજર હતા. જેને છરી મારેલ તે પપ્પુ ઉર્ફે જયેશની ઘરવાળી હતી. પપ્પુએ રાહુલભાઈની બહેન સાથે લવમેરેજ કરેલા. આરોપી અને તેઓ તથા ફરીયાદી એક જ જ્ઞાતિનાં છે. ભાગમભાગીમાં ઘણા માણસોને અંધારામાં પડી જતાં ઈજાઓ થયેલી. વધુમાં જણાવે છે કે તેઓ હાજર હતા ત્યારે જે બેનને છરી વાગેલી તેના ઘરવાળા અને અન્ય લોકો ત્યાં હાજર હતા. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓ વીજાપુરનાં પાટીયે ગયેલો હોય અને ત્યાં બનાવ બનેલ નથી. તેમના કાકા રમેશભાઈ અને રાહુલભાઈ ઉર્ફે શારુલભાઈ ઉપર તેના બહેનને છરી મારવાનો કેસ ચાલુ છે.

(૯.૪) ફરીયાદ પક્ષે આંક–૪૮ થી સાહેદ અજયભાઈ હરસુખભાઈ મકવાણાને સોગંદ પર તપાસેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ ત્રણેક વર્ષ પહેલા વીજાપુર પાસે તેમના કાકા તથા વીજાપુરનાં માણસો સાથે બનેલો. બનાવ સમયે તેમના મિત્ર હરેશનો ફોન આવેલ કે, વીજાપુરનાં લોકો સાથે તારા કાકાને માથાકૂટ થયેલી છે તું દવાખાને આવી જા. તેથી તેણી તેમના ઘરેથી દવાખાને જવા નીકળેલ ત્યારે આ લોકોમાંથી ધીરુભાઈ, યોગેશભાઈ, લાલજીભાઈ દામજીભાઈ તથા અન્ય બે ઈસમોએ તેમના ઉપર લાકડી

અને પાઈપ વડે હુમલો કરેલ. બનાવ રાત્રિનાં સમયે બનેલ હોય કોના હાથમાં શું હથિયાર હતું તેની તેમને ખબર નથી. તેઓ તેમના કાકાને દવાખાને જોવા જતા હતા ત્યારે આ લોકોએ તેઓ તેમની સાથે બાજવા જતાં હોય તેવી શંકા હોય જેથી તેમના ઉપર હુમલો કરેલો. તેમને હાથમાં તથા હોઠ ઉપર ઈજાઓ થયેલી જેથી ગામના લોકો તેમને દવાખાને લઈ ગયેલા. બનાવ સ્થળે માતાજીનો માંડવો હોય લોકો ત્યાં આવેલા હોય આ જોઈને ભેગા થઈ ગયેલા અને તેમાંથી કોઈએ ૧૦૮ ને ફોન કરેલ અને સારવાર અર્થે તેમને દવાખાને લઈ ગયેલ. જ્યાં પોલીસે તેમની બનાવ બાબતે પૂછપરછ કરેલ અને તેમણે બનાવની હકીકતો જણાવેલી. જે આરોપીઓએ તેમને માર મારેલ તેમાંથી એક યોગેશ કોર્ટમાં હાજર હોય તેને ઓળખી બતાવે છે.

સદર સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, તેમના કાકાવાળા બનાવ સમયે તેઓ ઘરે હતા. રાત્રે જે માંડવો નાંખેલો ત્યાં ઘણા બધા ગામના માણસો હાજર હતા. મંડપમાં કોઈ મારામારી થયેલી હોય અને કોઈને વાગ્યુ હોય તેની તેમને ખબર નથી. તેમને અને તેમના કાકા વચ્ચે તેમને કોણે મારેલું તે બાબતે કોઈ વાતચીત થયેલી નહીં. તેઓ ૧૦૮ માં રાહુલની બેનની સાથે સારવારમાં ન હતો. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓ જયારે ઘરેથી નીકળા ત્યારે આશરે રાત્રિનાં ૧૧ થી ૧૨ નો સમય હતો. તેમના ઘરેથી વીજાપુર સાડાત્રણેક કી.મી. જેટલું છે. આ રસ્તો કાચો રસ્તો છે. મંડપમાં તેઓ પહોંચ્યા ત્યારે ૧૦૦ કરતાં વધુ માણસો હાજર હતા અને દુર્ગાબેન પણ હાજર હતા. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, મંડપ રોડથી દૂર હતો. તેઓ પહોંચ્યા ત્યારે કાકા સાથેનો બનાવ પૂરો થઈ ગયો હતો અને તેમના કાકાને દવાખાને લઈ ગયેલ હતા. તેમને તેમના કાકાને દવાખાને લઈ જવાનો ફોન આવ્યાના ૧૦ થી ૧૫ મિનીટમાં તેઓ દવાખાને પહોંચ્યા. બનાવ સ્થળે ખૂબ જ અંધારુ હતું. પોલીસે તેમની હાજરીમાં આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી.

(૯.૫) ફરીયાદ પક્ષે આંક–૫૧ થી સાહેદ મુનેશ તળશીભાઈ બાવળીયાને સોગંદ પર તપાસેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ વીજાપુર ગામે મામાદેવના

મંદિરે માંડવો હોય રાત્રિનાં સાડાનવ દસ આસપાસ ગયેલ ત્યારે તેમના ગામના રમેશ કડવા, વિજય હરસુખભાઈને વીજાપુરનાં પપ્પુ તથા મુન્ના સાથે મારામારી કરતા હતા જેથી તેઓ તેમને છોડાવવા ગયેલ. આ ઝઘડો વીજાપુરનાં મુન્નાભાઈ ખાંટની દીકરી સુનીતાએ વીજાપુર નાં છોકરા સાથે લગ્ન કરેલ હોય તે બાબતે હતો. વીજાપુરવાળા માણસોનાં હાથમાં પાઈપ, તલવાર, લાકડી અને છરી હતા જેના વડે માર મારતાં હતા. રમેશભાઈને ઈજા થયેલ હોય તેમને ૧૦૮ માં તેઓ સરકારી હોસ્પિટલે લઈ ગયેલ. પોલીસે તેમની બનાવ બાબતે પૂછપરછ કરેલી નહીં. આરોપીઓને જોયે ઓળખતા હોવાનું જણાવે છે.

સદર સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, મંડપનાં રાત્રિનાં સમયે ઘણાબધા માણસો હતા. ફરીયાદી તેમના ગામના છે. તેઓ સુમીતાબેનને ઓળખે છે. તેઓ માંડવામાં હાજર હોય કે કેમ તેને જોયા ન હોય કહી શકે નહીં. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, ભાગાભાગી થયેલી. સાહેદ જણાવે છે કે, પહેલા મારામારી થયેલી પછી ભાગાભાગી થયેલી. કેવી રીતે બનાવ બનેલો તેની તેમને ખબર નથી.

(૯.૬) ફરીયાદ પક્ષે આંક-૫ર થી સાહેદ હરીભાઈ રામજીભાઈને સોગંદ પર તપાસેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ વીજાપુર ગામે મામાદેવના મંદિરે માંડવો હોય રાત્રિનાં નવ દસ આસપાસ ગયેલ ત્યારે તેમના ગામના રમેશ કડવા, વિજય હરસુખભાઈને વીજાપુરનાં કોઈ અજાણ્યા ઈસમો પાઈપ વડે મારામારી કરતા હતા. જેથી તેઓ તેમને છોડાવવા ગયેલ અને રમેશભાઈને ૧૦૮ માં તેઓ સરકારી હોસ્પિટલે લઈ ગયેલ. પોલીસે તેમની બનાવ બાબતે પૂછપરછ કરેલ.આરોપીઓને જોયે ઓળખતા હોવાનું જણાવે છે.

સદર સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, મંડપનાં રાત્રિનાં સમયે ઘણાબધા માણસો હતા. ફરીયાદી તેમના ગામના છે. તેઓ સુમીતાબેનને ઓળખે છે. તેઓ માંડવામાં હાજર હોય કે કેમ તેને જોયા ન હોય કહી શકે નહીં. તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, ભાગાભાગી થયેલી. બનાવ સમયે રમેશભાઈ, વિજયભાઈ હાજર હતા. દવાખાને લઈ ગયા સિવાય બીજી કાંઈ જાણ નથી.

(૯.૭) ફરીયાદ પક્ષે આંક–૫૩ થી સાહેદ ડો.અજયભાઈ જયંતિભાઈ પરમારને સોગંદ પર તપાસેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તા.૧૫–૯–૧૬ ના રોજ રાત્રે ૦૦:૩૦ કલાકે તેમની ફરજ પર હાજર હતા ત્યારે ૧૦૮ એમ્બ્યુલન્સ ડુંગરપુરના રહેવાસી વિજય હરસુખ મકવાણા, અજય હરસુખ મકવાણા, દુર્ગાબેન રાજેશ મકવાણાને તેમની પાસે સારવાર માટે લાવેલ. તેમને પૂછતા જણાવેલ કે, ''આજરોજ તા.૧૪–૯–૨૦૧૬ નાં અગિયાર વાગ્યે રાતે પપ્પુ, મુન્નો યોગેશે છરી વડે વીજાપુર પાટીયા પાસે માર મારતા ઈજા થયેલ છે.'' તેમને તપાસતા જમણા હાથમાં હથેળીનાં ભાગે અંગુઠા પાસે ૧×૦.૧ સે.મી.નો તીક્ષ્ણ હથિયાર વડે થયેલો ઘા હતો. આ દર્દીને અંદરના દર્દી તરીકે દાખલ કરી તે જ દિવસે સવારે ૧૦–૦૦ કલાકે ડીસ્ચાર્જ કરેલ. ઉપરોકત ઈજાઓ સામાન્ય પ્રકારની તથા તીક્ષ્ણ હથિયાર જેવી કે છરી વડે થઈ શકે તેવું તેમનું માનવું છે. કોઈ કોમ્પ્લીકેશન ન થાય તો દર્દી ૫ થી ૭ દિવસમાં સાજો થઈ જાય તેવી ઈજા હતી. વધુમાં ડોકટર સાહેદ જણાવે છે કે, દર્દી અજયભાઈ હરસુખભાઈને પૂછતા જણાવેલ કે, ''આજરોજ તા.૧૪–૯–૨૦૧૬ નાં અગિયાર વાગ્યે રાતે યોગેશે છરી અને તલવાર વડે વીજાપુર પાટીયા પાસે માર મારતા ઈજા થયેલ છે.'' તેમને તપાસતા નીચેના હોઠમાં તીક્ષ્ણ હથિયાર વડે લાગેલાનું નિશાન તથા જમણા કાંડામાં દુ:ખાવો હતો. આ દર્દીને અંદરના દર્દી તરીકે દાખલ કરી બીજા દિવસે તા.૧૬–૦૯–૨૦૧૬ નાં રોજ સવારે ૧૦–૦૦ કલાકે ડીસ્ચાર્જ કરેલ. ઉપરોકત ઈજાઓ સામાન્ય પ્રકારની તથા તીક્ષ્ણ હથિયાર જેવી કે છરી કે તલવાર વડે થઈ શકે તેવું તેમનું માનવું છે. કોઈ કોમ્પ્લીકેશન ન થાય તો દર્દી ૫ થી ૭ દિવસમાં સાજો થઈ જાય તેવી ઈજા હતી.વધુમાં ડોકટર સાહેદ જણાવે છે કે, દર્દી દુર્ગાબેન રાજેશભાઈ મકવાણાને પૂછતા જણાવેલ કે,''આજરોજ તા.૧ ૪–૯–૧૬ નાં અગિયાર વાગ્યે રાતે યોગેશ, પપ્પુ, મુન્નાએ લાકડી, છરી, ચાકા વડે વીજાપુર પાટીયા પાસે માર મારતા ઈજા થયેલ છે.'' તેમને તપાસતા ડાબા હાથમાં સોજો અને કલોઝ ફ્રેકચર હતું. દર્દીનો ડાબા કોણીનો એકસ–રે લેતાં તેમને રેડીયસ નામના હાડકામાં અપર ૧/૩ ભાગમાં ફ્રેકચર જોવા મળેલ જેના એકસ–રે નં.–૩૦૮૨૪/૧૫–૯–૧ ૬ છે. દર્દીને અંદરના દર્દી તરીકે દાખલ કરી તા.૧૯–૯–૧૬ નાં રોજ સવારે ૧

૦–૦૦ કલાકે ડીસ્ચાર્જ કરેલ. ઉપરોકત ઈજાઓ ગંભીર પ્રકારની હતી તેમજ કઠણ તથા બોથડ પદાર્થ જેવી કે લાકડી વડે થઈ શકે તેવું તેમનું માનવું છે. કોઈ કોમ્પ્લીકેશન ન થાય તો દર્દી ૬ થી ૮ અઠવાડીયામાં સાજો થઈ જાય તેવી ઈજા હતી. વધુમાં ડોકટર સાહેદ જણાવે છે કે, દર્દી રમેશ કડવા મકવાણાને તા.૧૪–૯–૧૬ નાં રોજ રાત્રિનાં ૧૧–૦૦ વાગ્યે ૧૦૮ એમ્બ્યુલન્સમાં તેમની પાસે સારવાર માટે લાવેલ. તેમને પૂછતા જણાવેલ કે,''આજરોજ મુન્નાભાઈ અને ૬–૭ લોકોએ પાઈપ, છરી અને તલવાર વડે વીજાપુર પાટીયા પાસે માર મારતા ઈજા થયેલ છે.'' તેમને તપાસતા ડાબા હાથમાં હથેળીનાં ભાગે ૦.૫સે.મી.×૦.૫ સે.મી.નો કપાયેલો છુંદાયેલો ઘા તથા માથાનાં ભાગે પરાઈટલ ઓકસીપીટલ લોબની જગ્યાએ ૧×૦.૫સે.મી.×૦.૫ સે.મી.નો કપાયેલો છુંદાયેલો ઘા જેમાંથી ખૂબ લોહી વહેતું હતું. દર્દીને અંદરના દર્દી તરીકે દાખલ કરી તા.૧૬–૯–૧૬ નાં રોજ સવારે ૧૦–૦૦ કલાકે ડીસ્ચાર્જ કરેલ. ઉપરોકત ઈજાઓ કઠણ તથા બોથડ પદાર્થ જેવી કે પાઈપ વડે થઈ શકે તેવું તેમનું માનવું છે. કોઈ કોમ્પ્લીકેશન ન થાય તો દર્દી ૫ થી ૧૦ દિવસમાં સાજો થઈ જાય તેવી ઈજા હતી. વધુમાં ડોકટર સાહેદ જણાવે છે કે, ઉપરોકત ચારેય દર્દીઓને આપેલ સારવાર સંબંધે તેમણે સારવાર સર્ટીફીકેટ તેમના હસ્તાક્ષરમાં તૈયાર કરેલ તેમાં તેમની સહી ઓળખી બતાવી આ કામે આંક–૫૪ થી ૫૭ થી રજુ કરેલ છે.

સદર સાહેદની ઉલટતપાસ બચાવપક્ષનાં વિદ્વાન વકીલશ્રીએ કરેલ છે. જેમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, ઉપરોકત ચારેય દર્દીઓ અલગ–અલગ સમયે સારવાર માટે આવેલા. રાત્રિના સમયે મોટરસાયકલ લઈને જતાં હોય અને પથરાળ રસ્તા પર પડી જવાથી રમેશભાઈને થયેલ ઈજાઓ જેવી ઈજાઓ થઈ શકે. દુર્ગાબેનને થયેલ ઈજાઓ વાહન પરથી પડી જતાં થઈ શકે તેવી ઈજાઓ હતી.

(૯.૮) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૬૫ થી રજુ અટક પંચનામામાં પંચસાહેદ કાસમભાઈ સીદીભાઈ સમાને આંક–૬૪ થી તથા આંક–૮૦ થી રજુ અટક પંચનામાનાં પંચસાહેદ મનિષભાઈ ઠાકરશીભાઈને આંક–૭૯ થી તથા બીજા પંચસાહેદ રામજીભાઈ નગાભાઈ વાઢીયાને આંક–૯૩ થી સોગંદ પર તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં

જણાવે છે કે, પોલીસે તેઓને તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતાં તેઓએ સહી કરી આપેલી.પંચનામું તેમણે વાંચેલ નહીં કે પોલીસે વાંચી સંભળાવેલ નહીં તેઓની હાજરીમાં પંચનામા થયેલ હોય તેવું બનેલ નહીં. તેઓએ પંચનામામાં તેમની સહી ઓળખી બતાવી ઉપરોકત પંચનામા રજુ કરેલ છે. આમ, સદર આંક–૬૫ અને ૯૩ નાં પંચસાહેદો પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરતાં ન હોય ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રીએ તેઓને ફરીગયેલા જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતાં તેઓ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરતાં નથી.

જયારે આંક–૬૭ થી રજુ બનાવવાળી જગ્યાનાં પંચનામાનાં પંચસાહેદ ઉકાભાઈ ભનુભાઈ ભાભેરાને આંક–૬૬ થી સોગંદ પર તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, પોલીસે તેઓને તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતાં તેઓએ સહી કરી આપેલી.પંચનામું તેમણે વાંચેલ નહીં કે પોલીસે વાંચી સંભળાવેલ નહીં. સહી કર્યા સિવાય તેઓ પંચનામા બાબતે જાણતા નથી. તેમને અસલ પંચનામુ બતાવતા જેમા પંચ નં.–૧ તરીકે તેમની સહી નથી. (સાહેદને અલગ કાગળ પર સહી કરવાનું કહેતાં સહી કરેલ છે જે અસલ પંચનામા માં સહીથી અલગ પડે છે).આમ, સદર પંચસાહેદ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરતાં ન હોય ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રીએ તેઓને ફરીગયેલા જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતાં તેઓ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરતાં નથી.

(૯.૯) ફરીયાદ પક્ષે આંક–૧૦૨ થી સાહેદ રાજેશભાઈ ચનાભાઈ મકવાણાને સોગંદ પર તપાસેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, બનાવ આશરે સાત આઠ વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે મામાદેવનો માંડવો હોય તેમના ભત્રીજા અજયે ફોન કરીને જણાવેલ કે,તેમને માથાકુટ થઈ છે, વીજાપુરના પાટીયે આવો દવાખાને જવુ છે. જેથી તેઓ અને તેમની પત્ની દુર્ગા વીજાપુરના પાટીયે પહોંચેલા. ત્યાં એક મુન્નાભાઈ, લાલો, ગઢવીભાઈ, લાદેનભાઈ તથા યોગેશ હોવાનુ જણાવે છે. આ લોકો પાસે તલવાર, લાકડી જેવા હથિયાર હતા અને તેઓ તેમને મારવા આવતા તેમના હાથ ઉપર તેમની પત્ની દુર્ગાએ હાથ રાખતા તેમની પત્નીના હાથમા લાકડી વાગેલી અને તેનો હાથ ભાંગી ગયેલો.

તેમજ તેમના ભત્રીજા અજયને પણ આ લોકોએ મારેલો હતો. તેમજ રમેશભાઈ કડવાભાઈ મકવાણાને મારેલા તેનો અલગ કેસ થયેલો. તેમની પત્ની દુર્ગાને સારવાર માટે ૧૦૮ મા લઈ ગયેલા. પોલીસે તેમનુ નિવેદન લીધેલુ. આરોપીઓને કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે. બનાવ બનવાનુ કારણ ડુંગરપુરની દિકરીએ વીજાપુર ખાતે લગ્ન કરેલા હોય તેનુ મનદુખ રાખી તેમની સાથે મારામારી કરેલ. તેમને મુદ્દામાલ બતાવવામાં આવે તો ઓળખી શકે નહીં.

સદર સાહેદ બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપીઓ તથા તેઓ એક જ ગામના તથા એક જ જ્ઞાતિના હોય તેની બનાવ પહેલાથી ઓળખે છે. મંડપ માં શું બનાવ બનેલો તેની તેમને જાણ નથી તેમજ તેઓ બનાવ સમયે તેમના ઘરે હતા. વીજાપુરનાં પાટીયા પાસે ખૂબ અંધારુ હોવાથી તે વ્યકિત કોણ હતા તેને જોયેલ નથી અને ઓળખતા નથી તેમજ કોઈ વ્યકિત પાસે હથિયાર હતા તે તેમણે જોયેલ નહીં. તેમને તથા દુર્ગાબેન તથા અન્ય લોકોને ઈજા થયેલ તે મંડપમાં ભાગાભાગી થવાથી પડી જવાથી ઈજા થયેલ. પોલીસ તથા ડોકટરને તેમણે કોઈ હીસ્ટરીમાં વિગત જણાવેલ નથી કે કોઈ વ્યકિતનાં નામ જણાવેલ નહીં. પોલીસે માત્ર તેમનું નામઠામ પૂછેલ તે સિવાય અન્ય કોઈ વિગત તેમણે લખાવેલ નહીં. બનાવનાં દિવસે આરોપીને જોયેલ નહીં કે આરોપી પાસે કોઈ હથિયાર હોય તેવું તેમણે જોયેલ નહીં. આરોપીઓ દવારા હથિયાર વડે હુમલો થયેલ હોય તેવું બનેલ નહીં.

**(૯.૧૦)**ફરીયાદ પક્ષે આંક –૧૦૭ થી ત.ક.અ.શ્રી નાનજીભાઈ આણંદભાઈ ચાવડાને સોગંદ પર તપાસેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૫/૯/૧૬ ના રોજ તેઓ જુનાગઢ તાલુકા પો.સ્ટે.મા પો.હે.કો. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પી.એસ.ઓ.શ્રી ડી.વી.વ્યાસ તરફથી ગુ.ર.નં.ફર્સ્ટ ૮૫/૧૬ ઈ.પી.કો. કલમ ૩૨૫,૩૨૩,૫૦૪,૧૧૪ તથા જી.પી.એ.ની કલમ ૧૩૫ મુજબના ગુનાની આગળની તપાસ સોંપણી હુકમ મળેલ છે જે હુકમ આ કામે આંક–૧૦૮ થી રજુ કરેલ છે. તપાસના કામે એફ.આઈ.આર. તથા ફરીયાદીનુ સિવિલ હોસ્પિટલમા લીધેલ નિવેદન તથા ડી.ઓ.નં.૫૫૨૫/૧૬ મળેલ જે ડી.ઓ.લેટરઆ કામે આંક–૧૦૯ થી રજુ કરેલ છે. બાદ આ કામે અમોએ બનાવવાળી

જગ્યાનુ પંચનામુ પંચોને હાજર રાખી સાહેદ સંગીતાબેન સોલંકીના બતાવ્યા પ્રમાણે કરવામા આવેલ,લાગતા વળગતા સાહેદોના નિવેદનો લેવામા આવેલ અને ફરીયાદીની ઈજાનુ સારવાર સર્ટી. જુનાગઢ સિવિલ હોસ્પિટલમાથી મેળવી અને હથિયારબંધીનુ જાહેરનામુ અમલમા હોય જે જાહેરનામુ આ કામે આંક–૧૧૦ થી રજુ કરેલ છે. આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા હોય જેથી નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલ. તેમને આંક–૬૫ તથા ૬૭ વાળા પંચનામા બતાવતાં તેમાં તેમની તથા પંચોની સહીઓ ઓળખી બતાવે છે. આરોપીઓને જોયે ઓળખતા હોવાનું જણાવે છે.

સદર ત.ક.અ.શ્રી બચાવ પક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેમને તપાસના કામે ફરીયાદ મળેલી જે ફરીયાદમા માત્ર ૩ વ્યકિતના નામ જણાવેલ છે તેમજ તે ૩ વ્યકિતના પુરા નામ ફરીયાદમા જણાવવામા આવેલ નથી. આરોપી અને ફરીયાદી વચ્ચે અગાઉ પ્રેમલગ્ન અંગેનુ મનદુખ ચાલતુ હતુ તેવુ તપાસમા ખુલવા પામેલ હતુ. તેમણે આ કામે ફરીયાદી કે સાહેદો પાસે આરોપીઓની ઓળખ પરેડ મામલતદાર રૂબરૂ કરાવેલ નથી. બનાવ વિજાપુર ગામના માતાજીના માંડવામા બનેલ હોય તે અંગેની તેમણે કોઈ મંડપમા હાજર સાક્ષીઓના નિવેદન આ કામે નોંધેલ નથી. સ્થાનિક જગ્યાના પંચનામામા કોઈ લોહીના ડાઘા કે હથિયાર કબજે કરેલ નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકન :–</u>**

(૧૦) આમ ઉપરોકત રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં, ફરીયાદપક્ષ ફરીયાદીની ફરીયાદની હકીકત પુરવાર કરવામાં સફળ રહેલા છે કે કેમ ? તે ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદીએ તેમની આંક–૨૯ ની જુબાનીમાં જણાવેલ છે કે, માતાજીનો માંડવો જોવા ગયેલા ત્યાં રાહુલ તેની બહેનને છરી મારીને ભાગી ગયેલ અને તેમના ભત્રીજા વિજયને મુનાભાઈ તથા યોગાભાઈ પપુભાઈ અને લાદેન ઢીકાપાટુથી માર મારવા લાગેલ. આ દરમિયાન તેઓ પણ ત્યાં ગયેલા તો આ લોકો તેમના પર પાઈપ તથા તલવાર વડે હુમલો કરેલ તેમાં યોગલા પાસે તલવાર હતી અને મુનાના હાથમાં પાઈપ હતો અને બાકીનાં હાથમાં ધોકા હતા અને આ લોકોએ તેમને પાઈપ તલવાર અને ધોકા વડે તેમને આખા શરીરે માર

મારેલો હોવાની હકીકત જણાવેલ છે, પરંતુ ફરીયાદીની ઉલટતપાસ ધ્યાને લેતાં,રાહુલે તેમની બહેનને છરી મારેલ હતી કે કેમ તેની ખબર ન હોવાનું જણાવેલ છે અને તેમને આરોપીઓએ તલવાર અને પાઈપ વડે આખા શરીરે માર મારેલ હોવાની હકીકત તેમણે ફરીયાદમાં લખાવેલ ન હોવાની હકીકત કબુલ રાખેલ છે.આમ, ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદીએ તેઓની જુબાનીમાં ચોકકસ કયા આરોપીએ શાનાથી અને શરીરનાં કયા ભાગે મારેલ તેવી કોઈ હકીકત જણાવેલ નથી. વધુમાં ફરીયાદીએ તેમની જુબાનીમાં તમામ આરોપીઓએ તલવાર તથા પાઈપ અને ધોકા વડે હુમલો કરેલ જેમાં તેમના ભાભી દુર્ગાબેનને હાથ પર ધોકા વડે ઈજા કરેલ અને કંચનભાભીને પણ ઈજા થયેલ હોવાની હકીકત જણાવેલ છે, જયારે સાહેદ દુર્ગાબેન રાજેશભાઈનો પુરાવો ધ્યાને લેતાં તેમને યોગેશભાઈ એ પાઈપ વડે મારેલ જેથી તેમને ડાબા હાથમાં ઈજા થયેલ અને બનાવ સમયે તેમના પતિ તેમની સાથે હોવાની હકીકત જણાવેલ છે, જયારે સાહેદ દુર્ગાબેનનાં પતિ કે જે બનાવ સમયે હાજર હતા તે રાજેશભાઈ મકવાણાનો પુરાવો ધ્યાને લેતાં, તેઓએ તેમની જુબાનીમાં મુન્નાભાઈ, લાલો, ગઢવીભાઈ, લાદેનભાઈ તથા યોગેશ પાસે તલવાર, લાકડી જેવા હથિયાર હતા અને તેઓ તેમને મારવા આવતા તેમના હાથ ઉપર તેમની પત્ની દુર્ગાએ હાથ રાખતા તેમની પત્નીના હાથમા લાકડી વાગેલી અને તેનો હાથ ભાંગી ગયેલાની હકીકત જણાવે છે. તેમજ આંક–૪ર નાં સાહેદ વિજયભાઈ હરસુખભાઈ તેમની જુબાનીમાં યોગેશભાઈનાં હાથમાં લોખંડનો પાઈપ હતો તે તેમના કાકીને હાથ પર કોણીનાં ભાગે મારેલો હોવાની હકીકત જણાવેલ છે. આમ, સાહેદ દુર્ગાબેનને ચોકકસ કયા હથિયાર વડે આરોપીએ માર મારેલ તે અંગે મહત્વનો વિરોધાભાસ રેકર્ડ ઉપર આવે છે. વધુમાં આંક–૪ર નાં સાહેદે તેમની જુબાનીમાં યોગેશભાઈએ તેમના પર છરી વડે, મુન્નાભાઈએ લોખંડનાં પાઈપ વડે તથા પપ્પુ સરવૈયાએ તેમના પર લાકડી વડે હુમલો કરેલ અને તેમના પર છરી વડે હુમલો થતાં જમણા હાથમાં હથેળીમાં તેમને છરી વાગી ગયેલ અને મુઢ માર મારેલ. આ સમયે તેમના કાકા પણ છોડાવવામાં સાથે હતા તેમના ઉપર પણ આ ત્રણેય આરોપીઓએ હુમલો કરેલ હોવાની હકીકત જણાવેલ છે, પરંતુ સાહેદનાં કાકા રમેશભાઈ

એટલે કે ફરીયાદીએ આવી કોઈ હકીકત તેમની જુબાનીમાં જણાવેલ નથી. વધુમાં આંક–૪૮ નાં સાહેદ અજયભાઈ હરસુખભાઈ મકવાણાએ તેમની જુબાનીમાં બનાવ રાત્રિ નાં સમયે બનેલ હોય કોના હાથમાં શું હથિયાર હતા તેની તેમને ખબર ન હોવાનું જણાવે છે, જયારે ઉલટતપાસમાં મંડપમાં કોઈ મારામારી થયેલી હોય અને કોઈને વાગ્યુ હોય તેની તેમને ખબર નથી અને તેમના અને તેમના કાકા વચ્ચે તેમને કોણે મારેલ તે બાબતે કોઈ વાતચીત થયેલ ન હોવાની હકીકત કબુલ રાખેલ છે. તે સંજોગોમાં સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, ચોકકસ કયા આરોપીએ કયા હથિયારથી હુમલો કરેલ તે અંગેની વિરોધાભાસી હકીકત રેકર્ડ ઉપર આવે છે. વધુમાં ફરીયાદીએ તેમની જુબાનીમાં આરોપીઓએ તેઓને ગાળો આપેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આપેલ નથી. તેમજ આ કામે તપાસવામાં આવેલા પંચસાહેદો એ પણ આ કામે રજુ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ ન હોય પંચનામાની હકીકત પુરવાર થતી નથી. વધુમાં ત.ક.અ.શ્રીએ તેમની ઉલટતપાસમાં આ કામે ફરીયાદી તથા સાહેદો પાસે આરોપીઓની ઓળખ પરેડ મામલતદાર રુબરુ કરાવેલ ન હોવાની તથા બનાવ વીજાપુર ગામના માતાજીનાં માંડવામાં બનેલ હોય તે અંગે મંડપમાં હાજર સાક્ષીઓના નિવેદન આ કામે લીધેલ ન હોવાની તથા સ્થાનિક જગ્યાનાં પંચનામામાં કોઈ લોહીના ડાઘા કે હથિયાર કબજે કરેલ ન હોવાની હકીકત કબુલ રાખેલ છે. તે સંજોગોમાં બનાવવાળી જગ્યાએથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં તેવા કોઈ સાહેદોને આ કામે તપાસવામાં આવેલ નથી. વધુમાં આ કામે ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદોએ આંક–૧૦૩ થી સમાધાન પુરસીસ આપી તેઓને સમાધાન થઈ ગયેલ હોય વિશેષ કોઈ પુરાવો આપવા માંગતા ન હોવાનું જાહેર કરેલ છે. તે સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય જેથી **મુદા નં.૧** નો જવાબ **નકારમાં** આપી **મુદા નં.૨** પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

**(૧)** આ કામના આરોપી (૧) મુન્નાભાઈ જીણાભાઈ ગુજરાતી, (૨) મનોજ ઉર્ફે મુન્નાભાઈ વિક્રમભાઈ ચંદાવડીયા,(૩) અતુલ મનુભાઈ ખલેલ, (૪) લાલજી

દામજીભાઈ સરવૈયા,(૫) યોગેશ દામજીભાઈ સરવૈયા, (૬) જયેશ ઉર્ફે પપ્પુ મનસુખભાઈ સરવૈયા, નં.–૧,૩ થી ૭ રહે.વિજાપુર, તા.જુનાગઢ,નં.–૨ રહે.ઘુડવદરનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કોડની કલમ–૩૨૫,૩૨૪,૩૨૩, ૫૦૪,૪૦૩,૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે કબજે કરેલ મુદ્દામાલનો અપિલ સમય વિત્યા બાદ નાશ કરવો.

**(૩)** સદર કામે પ્રત્યેક આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) અન્વયે રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા અત્રેની અદાલત સમક્ષ રજૂ કરવા અગર તો જામીન ચાલુ રાખવા અંગે પુરસીસ રજૂ કરવી. જે ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવા તથા ત્યારબાદ તે જામીન તથા જામીનખત રદ કરવા.

હુકમ આજ તારીખ: ૧૦ મી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જુનાગઢ.

તા.૧૦–૦૪–૨૦૨૬.

**(ગૌરવકુમાર સોમાભાઈ દરજી)**

બીજા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,

જુનાગઢ.

**JUDGE CODE NO.GJ-01475**